# 4

# સ્થાનિક સરકાર (ગ્રામીણ)

આજનો દિવસ ખૂબ જ મહત્ત્વનો છે. દરામલી ગામના તમામ લોકો જલદી-જલદી ગ્રામસભામાં જઈ રહ્યા છે. શું તમને ખબર છે શા માટે જઈ રહ્યા છે ? કારણકે ગ્રામપંચાયતની ચૂંટણી પછી આજે પહેલી વખત ગ્રામસભાની બેઠક મળી રહી છે. ગામના લોકો એ જાણવા ખૂબ જ ઉત્સુક છે કે નવી ગ્રામપંચાયતે એમને માટે કઈ યોજના બનાવી છે ?



4.1 ગ્રામસભા

**ગ્રામસભા :**

ગ્રામસભાની બેઠકની શરૂઆતમાં સરપંચે ગામના રસ્તા રિપૅર કરવા માટેના ખર્ચની માહિતી આપી. ગામમાં પીવાના પાણીની પણ સમસ્યા હતી, તેના પર ચર્ચા થઈ. 'ગરીબીરેખા' નીચે આવતાં કુટુંબોના સમાવેશ બાબતે

ચર્ચા થઈ. કારણકે જે લોકો (કુટુંબો) ગરીબીરેખા નીચે આવતાં હતાં, તેવાં કુટુંબોનો સમાવેશ બી.પી.એલ. (બીલો પોવરટી લાઇન)ની યાદીમાં થતો ન હતો. જ્યારે બી.પી.એલ.ની યાદીમાં સમાવેશ ન કરી શકાય તેવા કુટુંબોનો સમાવેશ પણ બી.પી.એલ.ની યાદીમાં કરવામાં આવ્યો હતો. ગ્રામસભામાં આવાં નામોની ઘણા લોકોને ખબર હતી; પરંતુ તેઓ બોલી શકતા ન હતા. ગ્રામસભામાં ગામની અને ગ્રામજનોના વિકાસની ચર્ચા કરવામાં આવે છે.

**વિચારો**

શું તમે કોઈ એવી ઘટના જોઈ છે કે લોકો પોતાને અન્યાય થતો હોય તોપણ બોલી શકતા નથી ? આવું કેમ ? માણસને બોલતા કોણ અટકાવે છે ?

## સ્થાનિક સ્વરાજ્ય

1. તમારા ઘરના કેટલા સભ્યો છે ? ..................................
2. મામાના ગામ જવું કે ન જવું એ કોણ નક્કી કરે છે ? ..................................
3. તમારે નવાં કપડાં લેવાં છે, તે કોણ નક્કી કરશે ? ..................................

ઘરના મુખ્ય માણસ માતા-પિતા કે દાદા-દાદી છે, જે આખા કુટુંબનો વહીવટ કરે છે. તેઓ ઘરના નિર્ણયો લે છે.

સ્થાનિક કક્ષાએ લોકો મત આપી પોતાના પ્રતિનિધિઓ ચૂંટી મોકલે છે અને તેમના દ્વારા જે વહીવટ થાય, તેને 'સ્થાનિક સ્વરાજ્ય' કહે છે. તેનો વહીવટ કરતી સંસ્થાઓને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ કહેવામાં આવે છે. આ સંસ્થાઓમાં સ્થાનિક લોકોની ભાગીદારી હોય છે.

ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત એ ગ્રામીણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ છે. જ્યારે નગરપાલિકા અને મહાનગરપાલિકા એ શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ છે.

## પંચાયતીરાજ

આપણે પંચાયતીરાજનું ત્રણ સ્તરનું માળખું સ્વીકારેલું છે :

(1) ગ્રામ કક્ષાએ ગ્રામપંચાયત

(2) તાલુકા કક્ષાએ તાલુકા પંચાયત

(3) જિલ્લા કક્ષાએ જિલ્લા પંચાયત

પંચાયતીરાજ એ સ્થાનિક (Local) કક્ષાએ સ્વશાસન ચલાવવા માટે ખૂબ જ મહત્ત્વની પદ્ધતિ છે, જે સ્થાનિક લોકોની જરૂરિયાત પૂરી કરે છે તેમજ તેમના પ્રશ્નોનો ઝડપથી ઉકેલ લાવે છે. ગુજરાત રાજ્યમાં ઉપર મુજબ ત્રિસ્તરીય પંચાયતી રાજનું માળખું છે.




**4.2 સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ**

## ગ્રામપંચાયતની રચના

ગામની વસતિ પ્રમાણે ગ્રામપંચાયતના સભ્યોની સંખ્યા હોય છે. સામાન્ય રીતે પંદર હજારથી ઓછી વસતિ હોય ત્યાં ગ્રામપંચાયત હોય છે. ગ્રામપંચાયતમાં **ઓછામાં ઓછા સાત** સભ્યો હોય છે. ગ્રામપંચાયતના

વડાને ‘સરપંચ’ કહે છે. ગામના મતદારો પ્રત્યક્ષ રીતે મત આપી સરપંચને ચૂંટે છે. વૉર્ડના સભ્યોને જે-તે વૉર્ડના મતદારો ચૂંટે છે.

### ગ્રામપંચાયતની આવકનાં સાધનો :

- ગ્રામપંચાયત મકાનવેરો, દુકાનવેરો, દીવાબત્તી-વેરો ઉઘરાવી આવક મેળવે છે.
- તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત તેમજ રાજ્ય સરકાર તરફથી ગ્રાન્ટ મળે છે.
- સ્વૈચ્છિક ગામફાળાથી પણ નાણાં મેળવે છે.

### વહીવટ

સરકાર તરફથી તલાટી-કમ-મંત્રીની નિમણૂક થાય છે. તે વહીવટી કામ સંભાળે છે. તે દફતર સંભાળે છે. ગ્રામપંચાયતના અહેવાલ, પત્રકો અને અંદાજપત્ર તૈયાર કરી હિસાબો રાખવાનું કામ કરે છે.

ગ્રામપંચાયત કાર્યાલયને ‘ગ્રામસચિવાલય’ પણ કહેવામાં આવે છે.

#### વિચારો

- તમારા ગામમાં ગ્રામપંચાયત દ્વારા થયેલાં વિકાસનાં કાર્યોની નોંધ કરો.

(1) ______________________

(2) ______________________

(3) ______________________

(4) ______________________

(5) ______________________

(1) એક ગામનો વહીવટ બીજા ગામના માણસો કરી શકે ?

(2) આપણા ગામના મહોલ્લાઓ કે રસ્તાઓ પર દીવાબત્તીની વ્યવસ્થા કોણ કરે છે ?

(3) આપણા ગામમાં પીવાના પાણીની વ્યવસ્થા કોણ કરે છે ?

(4) આપણા ગામના રસ્તાઓમાં ખાડા પડી ગયા હોય, તો સમારકામ કોણ કરાવશે ?

(5) ચોમાસામાં પાણીનો નિકાલ થતો નથી, તો કોણ મદદરૂપ થશે ?

#### પ્રવૃત્તિ

1. ગ્રામપંચાયત કાર્યાલયની મુલાકાત લઈ નાગરિક અધિકારપત્ર વાંચો.
2. તમારા ગામના સ્ત્રી-પુરુષ મતદારોની સંખ્યા અને વસતિ વિશે માહિતી જાણી તેની નોંધ કરો.

#### વિચારો

‘સમરસ પંચાયત’ એટલે શું ? તમારા તાલુકામાં જો આવી પંચાયત હોય, તો તેની યાદી બનાવો.

**પ્રવૃત્તિ**

**આટલું કરો**

- તમારા ગામની આજુબાજુનાં પાંચ ગામનાં નામો લખો.
- તમે કયા તાલુકામાં રહો છો ?
- તમારા જિલ્લાના નકશામાં તમારો તાલુકો બતાવો.

### તાલુકા પંચાયતની રચના

વસતિ પ્રમાણે તાલુકા પંચાયતની બેઠકો નક્કી થાય છે. આ બેઠકના મતદારો તાલુકા પંચાયતના સભ્યોને ચૂંટે છે. સામાન્ય રીતે તાલુકા પંચાયતના સભ્યોની સંખ્યા **ઓછામાં ઓછી પંદર** હોય છે. ચૂંટાયેલા તાલુકા પંચાયતના સભ્યોમાંથી પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી થાય છે તેમજ ચૂંટાયેલા સભ્યોમાંથી જ કારોબારી સમિતિ અને સામાજિક ન્યાય સમિતિની રચના કરવામાં આવે છે.

**આટલું જાણો**

**તાલુકા પંચાયતના આવકનાં સાધનો**

(1) જમીન-મહેસૂલ, શિક્ષણ ઉપકર, સિંચાઈવેરો વગેરે દ્વારા આવક મેળવે છે.

(2) જિલ્લા પંચાયત તેમજ રાજ્ય સરકાર તરફથી અનુદાન (ગ્રાન્ટ) મેળવે છે.

(3) દાન, બક્ષિસ, લોકફાળો વગેરેમાંથી આવક મેળવે છે.

### તાલુકા પંચાયતનો વહીવટ

તાલુકા વિકાસ અધિકારી એ તાલુકા પંચાયતના વહીવટી વડા છે. તે તાલુકા પંચાયતના ઠરાવોનો અમલ કરે છે. તાલુકા પંચાયતના તમામ કર્મચારી પર દેખરેખ રાખે છે. તાલુકા પંચાયતનું વાર્ષિક બજેટ પણ તેઓ તૈયાર કરે છે.

**આટલું જાણો**

T.D.O. - Taluka Development Officer (તાલુકા વિકાસ અધિકારી)

અધિકારી- સરકાર દ્વારા નિયુક્ત થયેલા કર્મચારી

પદાધિકારી - લોકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિ

### જિલ્લા પંચાયત

**વિચારો**

- તમારા જિલ્લાનું નામ શું છે ? જિલ્લાના નકશામાંથી પાંચ તાલુકાનાં નામ બતાવો.
- ગુજરાત રાજ્યના રાજકીય નકશામાં તમારો જિલ્લો દર્શાવો.
- એકથી વધુ તાલુકાઓ મળી શાની રચના થાય છે ?

## જિલ્લા પંચાયતની રચના :

જિલ્લા પંચાયતની સભ્યસંખ્યા **ઓછામાં ઓછી એકત્રીસ** હોય છે. ગુજરાતના નવા સીમાંકન મુજબ વસતિ પ્રમાણે જિલ્લા પંચાયતની બેઠક નક્કી થાય છે. આ બેઠકના મતદારો પોતાના સભ્યને ચૂંટે છે. જિલ્લા પંચાયતના તમામ સભ્યો બહુમતીથી  પ્રમુખ અને ઉપપ્રમુખને ચૂંટે છે. આ ઉપરાંત ચૂંટાયેલા સભ્યોમાંથી કારોબારી સમિતિ, સામાજિક ન્યાયસમિતિ, શિક્ષણસમિતિ, બાંધકામ-સમિતિ, આરોગ્ય-સમિતિ જેવી મહત્ત્વની સમિતિઓની રચના કરવામાં આવે છે.

## જિલ્લા પંચાયતનાં કાર્યો :

25મી જાન્યુઆરી, 2011ના રોજ જામવણથલી તાલુકાશાળા 140 વર્ષ પૂરાં કરે છે. શાળાના 'વાર્ષિકદિન'ની ઉજવણી ભવ્ય રીતે થાય તે માટે સુંદર આયોજન કર્યું છે. આ પ્રસંગે જામનગર જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી શાળાના મહોત્સવમાં પધાર્યા. પ્રાસંગિક ઉદ્બોધન સમયે મોહંમદ રફીક નામના વિદ્યાર્થીએ જિલ્લા પંચાયત કયાં કયાં કાર્યો કરે છે, તે જાણવાની આતુરતા દર્શાવતાં, પ્રમુખશ્રીએ સુંદર માહિતી આપી.

વ્હાલા બાળમિત્રો,

આપણા ગુજરાત રાજ્યમાં પંચાયતીરાજનું માળખું ખૂબ જ વ્યવસ્થિત રીતે કાર્યરત છે. જિલ્લા પંચાયત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની નિમણૂક કરવાનું તેમજ શાળાઓની જાળવણી કરવાનું મહત્ત્વનું કામ કરે છે. એક ગામથી બીજા ગામ જવાના રસ્તા રિપૅર કરવાનું તેમજ પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવાનું કામ કરે છે. ખેતીના વિકાસ, પશુપાલન માટે પ્રયત્નો કરે છે. પાણીનાં તળ ઊંચા આવે તે માટે ચેકડેમ બાંધવા, પૂર, ભૂકંપ, વાવાઝોડું, આગ, દુષ્કાળ વગેરે જેવી કુદરતી આપત્તિઓ વખતે જિલ્લા પંચાયત સહાય કરે છે. રાજ્ય સરકાર તરફથી જાહેર થતી કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકે છે. જિલ્લાની તમામ પંચાયતો અને કર્મચારીઓની દેખરેખ રાખે છે.

તમને  થતું હશે કે આટલાં બધાં કામોનો વહીવટ કેવી રીતે ચાલતો હશે ? સાંભળો, જિલ્લા પંચાયતના વહીવટી વડા 'જિલ્લા વિકાસ અધિકારી' છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા ખેતીવાડી અધિકારી જેવા મહત્ત્વના અધિકારીઓ છે. જિલ્લા વિકાસ અધિકારી જિલ્લા પંચાયતની તમામ મિટિંગોની નોંધ રાખે છે. તમે જિલ્લા સેવાસદનની મુલાકાત લેશો, ત્યારે વિગતવાર માહિતી મળશે.

### આટલું જાણો

**જિલ્લા પંચાયતની આવકનાં સાધનો :**

(1) જમીન-મહેસૂલ, શિક્ષણ ઉપકર, સિંચાઈવેરો, મનોરંજન વેરો વગેરેમાંથી આવક મેળવે છે.

(2) રાજ્ય સરકાર તરફથી વિવિધ યોજનાઓ માટે ગ્રાન્ટ-અનુદાન મળે છે.

(3) દાતાઓ પાસેથી દાન મેળવી વિકાસનાં કાર્યો કરે છે.

D.D.O. - District Development Officer (જિલ્લા વિકાસ અધિકારી)

**પ્રવૃત્તિ-3**

તમારા ગામમાં થયેલ વિકાસનાં કાર્યોની યાદી બનાવો. આ કાર્યોનું ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતનાં કાર્યોમાં વર્ગીકરણ કરો.

અઢાર વર્ષ કે તેથી વધારે ઉંમરનો નાગરિક મત આપી શકે છે. એકવીસ વર્ષ કે વધારે ઉંમરનો મતદાર ઉમેદવારી નોંધાવી શકે છે. ત્રણેય પંચાયતોની મુદત સામાન્ય રીતે પાંચ વર્ષની હોય છે.

### સામાજિક ન્યાયસમિતિ :

તાલુકા અને જિલ્લા કક્ષાએ સામાજિક ન્યાય સમિતિ કાર્ય કરે છે. તાલુકા પંચાયતની જેમ જિલ્લા પંચાયતમાં ચૂંટાયેલા સભ્યોમાંથી આ સમિતિના સભ્યોની પસંદગી થાય છે. સામાજિક ન્યાયસમિતિના સભ્યો તેમનામાંથી એકને અધ્યક્ષ તરીકે ચૂંટે છે. જુદી-જુદી પંચાયતના સમાજના નબળા વર્ગોની જરૂરિયાતની રજૂઆત સામાજિક ન્યાયસમિતિમાં કરવામાં આવે છે. અહીં વિવાદોનો ઉકેલ લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.




**4.3 સામાજિક ન્યાયસમિતિ**

### લોક-અદાલત (LOK ADALAT)

એક ગામમાં બે માણસો વચ્ચે ઝઘડો થયો. બંને પોતપોતાની વાત પર મક્કમ હતા. છેવટે વિવાદ અદાલતમાં ગયો. વિવાદની જાણ સરપંચને થઈ. સરપંચે આ વિવાદનો ઉકેલ લાવવા લોક-અદાલતમાં જવા સમજાવ્યા.

સરપંચે માહિતી આપતાં જણાવ્યું કે, ‘‘ન્યાયાધીશ, નિવૃત્ત ન્યાયાધીશ કે અદાલતના પ્રતિનિધિ લોક-અદાલતમાં આવે છે. સ્થાનિક અગ્રણીઓ, વકીલો, નિષ્ણાત શિક્ષકો, સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓ લોક-અદાલતની કામગીરીમાં જોડાય છે. લોક-અદાલતમાં ઝડપી અને બિનખર્ચાળ રીતે ન્યાય મળે છે.’’ સરપંચના કહેવાથી વિવાદ લોક-અદાલતમાં આવ્યો. વિવાદનો બંને પક્ષોને ન્યાય મળ્યો. ન્યાયથી બંને પક્ષોને સંતોષ થયો. પરસ્પર ઝઘડતા માણસો વચ્ચે સમાધાન થયું.

ગરીબ અને સામાજિક રીતે પછાત વર્ગના માણસો, કુદરતી આપત્તિનો ભોગ બનનાર વ્યક્તિ અને વાર્ષિક પચાસ હજાર કરતાં ઓછી આવક ધરાવનાર વ્યક્તિ કોઈ પણ કારણોથી ન્યાય મેળવવામાં વંચિત ન રહે તે માટે લોક-અદાલતો સ્થાપાઈ છે. બંને પક્ષો સંમત હોય તેમને લોક-અદાલતમાં બોલાવવામાં આવે છે. લોક-અદાલતો અદાલતના કામનું ભારણ ઓછું કરે છે.

## જિલ્લાનું વહીવટીતંત્ર

**જિલ્લા કલૅક્ટર (જિલ્લા મૅજિસ્ટ્રેટ)**

(ગ્રામીણ) | (શહેર)

જિલ્લા વિકાસ અધિકારી

તાલુકા વિકાસ અધિકારી

તલાટી-કમ-મંત્રી

ચીફ ઑફિસર (નગરપાલિકા)

મ્યુનિસિપલ કમિશનર (મહાનગરપાલિકા)

### પ્રોજેક્ટ

તમારા વિસ્તારના ગ્રામપંચાયતના સભ્ય, ગામના સરપંચ, તાલુકા પંચાયતના સભ્ય, તલાટી-કમ-મંત્રી, તાલુકા પંચાયતના પ્રમુખ, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયતના સભ્ય, જિલ્લા પંચાયતના પ્રમુખ, જિલ્લા વિકાસ અધિકારી, શિક્ષણસમિતિના ચૅરમેન, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, તાલુકા મામલતદાર, જિલ્લા કલેક્ટરની મુલાકાત કરો. તેમનાં કાર્યોની નોંધ તૈયાર કરો.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં લખો :**

1. ‘સ્થાનિક સ્વરાજ્ય’ એટલે શું ?
2. પંચાયતીરાજનાં ત્રણ સ્તરો જણાવો.
3. સરપંચની ચૂંટણી કઈ રીતે થાય છે ?
4. તાલુકા પંચાયતના પ્રમુખને કોણ ચૂંટે છે ?
5. જિલ્લા પંચાયતનાં કોઈ પણ ત્રણ કાર્યો લખો.

**2. નીચે આપેલ ખાલી જગ્યાઓમાં યોગ્ય શબ્દ મૂકો :**

1. સ્થાનિક સ્વરાજ્યના પાયાના એકમ તરીકે .......... ની રચના કરવામાં આવી છે.
2. નાગરિકને મત આપવાનો હક .......... વર્ષની ઉંમરે મળે છે.

3. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની મુદત .......... વર્ષની હોય છે.

4. જિલ્લા પંચાયતના વહીવટી અધિકારીને .......... કહે છે.

5. સામાજિક ન્યાય આપવાનું કાર્ય .......... સમિતિ કરે છે.

**3. નીચે 'અ' વિભાગની વિગત પાસે આપેલા □માં 'બ' વિભાગનો યોગ્ય ક્રમ લખો :**

| અ | બ |
|---|---|
| □ ગ્રામસભા | 1. ગ્રામપંચાયતના વડા |
| □ તલાટી-કમ-મંત્રી | 2. તાલુકા પંચાયત |
| □ તાલુકા વિકાસ અધિકારી | 3. જિલ્લા પંચાયત |
| □ જિલ્લા વિકાસ અધિકારી | 4. ગામના લોકો ભાગ લે છે. |
| □ સરપંચ | 5. ગ્રામપંચાયતના વહીવટી અધિકારી |

**4. ટૂંક નોંધ લખો :**

(1) ગ્રામસભા (2) લોક-અદાલત

**5. નીચેનાં વિધાનોમાંથી સાચાં વિધાન સામે (✓)ની અને ખોટાં વિધાન સામે (×)ની નિશાની કરો :**

1. ગ્રામસભા તાલુકા પંચાયતમાં મળે છે.
2. પંચાયતીરાજમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ હોય છે.
3. ગામના સરપંચને પંચાયતના સભ્યો ચૂંટે છે.
4. તલાટી-કમ-મંત્રી તાલુકા પંચાયતના વહીવટી અધિકારી છે.
5. સામાજિક ન્યાયસમિતિ શિક્ષકોની નિમણૂક કરે છે.

•